મેઘરજના જીતપુર ગામે નાની દીકરીઓએ ગૌરી વ્રતની અનોખી ઉજવણી કરી

મેઘરજના જીતપુર ગામે નાની બાલિકાઓ દ્વારા ગૌરીવ્રતની અનોખી ઉજવણી બલિકાઓ વર-કન્યા બની ગામમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. પછી લગ્નવિધિ કરવામાં આવી હતી અને વહેલી સવારે આસ્થાના પ્રતીક સમાં જે બલિકાઓએ અલગ અલગ ધાન્ય ઉગાડી તૈયાર કરેલ ગોરો પવિત્રતાથી નદીમાં પધરાવવાની અનોખી પરંપરાની ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસા ચાર રસ્તા પર વૃક્ષ ધરાશાયી થતા ભારે અફડાતફડી

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસામાં વિકાસના કાર્ય ચાલી રહ્યા છે જેમાં મોડાસા ચાર રસ્તાથી બાયપાસ, મોડાસા મેઘરજ રોડથી બાયપાસ રોડ, મોડાસાથી હજીરા વિસ્તારના જે રસ્તાઓ છે તેને પહોળા કરવાની કામગીરી ચાલી રહી છે. જોકે મોડાસા ચાર રસ્તા પર ચાલી રહી કામગીરીમાં બેદરકારી સામે આવી હોય તેવું લાગી રહ્યું છે.

મોડાસા ચાર રસ્તા નજીક માલપુર રોડ પર સવારે વિકાસનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક વૃક્ષ ધરાશાયી થતાં મોટી જાનહાનિ ટળી હતી. મોડાસા ચાર રસ્તા નજીક રસ્તો પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે ખોદકામ દરમિયાન ખાડાઓમાં પાણી ભરાયેલું હતું જેના કારણે જમીન ભેજવાળી થવાથી વૃક્ષ ધરાશાયી થયું હતું. વૃક્ષ ધરાશાયી થવાની સાથે આસપાસના લોકોએ બૂમાબૂમ કરતાં આસપાસ બેઠેલા રાહદારીઓ સલામત સ્થળે દોડી જતા જાનહાનિ ટળી હતી. વૃક્ષ ધરાશાયી થવાની ઘટનાને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે સવાલ એ થાય છે કે, તંત્ર દ્વારા રસ્તો પહોળો કરવાની કામગીરી પર વૃક્ષો બચાવવાની અથવા તો વૃક્ષો ન કાપવા માટે ખાસ તકેદારી લેવામાં આવી રહી છે પણ આ પ્રકારના વૃક્ષો ધરાશાયી થતાં જવાબદાર કોણ તે એક સવાલ છે.

ધાનેરા નગરપાલિકાના કોર્પોરેટરે જન્મદિવસ નિમિતે ઉંબરાનું વૃક્ષ રોપી ઉછેર કરવાનો સંકલ્પ કર્યો

ધાનેરા નગરપાલિકા માં સતત બીજી વખત ખુબજ

બહુમતી થી વિજેતા બનેલા અને ધાનેરા માં આગવી ઓળખ ધરાવતા જયેશભાઇ સોલંકી નો આજે દિવસ હતો દરેક લોકો પોત પોતાની પસંદ ને વિવિધ રીતે જન્મ દિવસ ની ઉજવણી કરતા હોય છે પણ જયેશભાઇ સોલંકી એ તેમના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી હોય તેમ ધાનેરા માં આવેલ અંબાજી મંદિર ના ગરબા ચોક માં ઉંબરા નું વૃક્ષ રોપી આ વૃક્ષ ને ઉછેરવાનો સંકલ્પ કર્યો છે આ જોઈ ધાનેરા લોકોએ પણ આ કામગીરી ને બિરદાવી હતી અને અન્ય લોકો પણ પોતાના જમદિવાસ નિમિતે એક એક વૃક્ષ રોપી તેનો ઉછેર કરવાનો સંકલ્પ કરે.

પાલનપુર રોટરી કલબ ઓફ ડાયમંડ સીટીનો પદ ગ્રહણ સમારો યોજાયો

પાલનપુર

પાલનપુર ખાતે રોટરી કલબ ઓફ પાલનપુર ડાયમંડ સીટીના વર્ષ ૨૦૧૯-૨૦ના નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પાલનપુરની ખાનગી હોટલમાં રવિવારે પદ ગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખ તરીકે રોટેરિયન મહેન્દ્રભાઈ ગુપ્તા જ્યારે સેક્રેટરી તરીકે રોટેરિયન સુરેખાબેન પટેલ સહીત સભ્યોએ સપથ લીધા હતા.

રોટરી કલબ ઓફ પાલનપુર ડાયમંડ સિટી દ્વારા શહેરમાં જરૂરિયાત મંદોને મદદ કરવી, સરકારી શાળાના વિદ્યાર્થીઓને મદદ કરવી તેમજ સફાઈ અભિયાનને લઈ અનેક સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. આ સંસ્થાના ૨૦૧૯-૨૦ ના નવા પ્રમુખ, સેક્રેટર અને બોર્ડ ડિરેક્ટરોની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી.જેમાં પ્રમુખ તરીકે રોટેરિયન મહેન્દ્રભાઈ ગુપ્તા અને સેક્રેટરી તરીકે રોટેરિયન સુરેખાબેન પટેલની વરણી

કરવામાં આવી હતી. જેને લઈ રોટરી કલબ ઓફ પાલનપુર ડાયમંડ સિટી દ્વારા પાલનપુર હાઈવે સ્થિત આવેલ હોટલ ખાતે નવિન હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો હતો.જેમાં નવિન હોદ્દેદારો ને ઈન્સ્ટોલેશન ઓફિસર આશિષભાઈ દેસાઈ દ્વારા શપથ લેવડાવ્યા હતા અને પ્રમુખ, મંત્રી સહિત સભ્યોએ વફાદારી અને નિષ્ઠાથી કામ કરવાના સપથ લીધા હતા. આ કાર્યક્રમમાં રોટરી ડિસ્ટ્રીકટના ઈલેક્ટ ગવર્નર અશોકભાઈ મંગલ, મુખ્ય મહેમાન જી. સી. પટેલ, કલબના પૂર્વ પ્રમુખ ડો. સંજય ધારાણી, બિલ્ડર ગીરીશભાઈ રાઠી સહીત મોટી સંખ્યામાં કલબના સભ્યો તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને નવનિયુક્ત પ્રમુખ, મંત્રી અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

પાલનપુર લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલા ઉમિયાધામ મંદિર ખાતે લક્ષ્મીપુરા ઉમિયા શક્તિ મંડળ, મિત્ર મંડળ તેમજ સમસ્ત ગ્રામજનો દ્વારા વરસાદમાં વિલંબ થતાં વરૂણદેવને રીઝવવા આજે પર્જન્ય યજ્ઞ યોજવામાં આવ્યો હતો. જયાં ગ્રામજનોએ યજ્ઞમાં આહુતિ આપી વરસાદ ઝડપી અને સારા પ્રમાણમાં આવે તેમજ લોકોની સુખાકારી જળવાય તે માટે પ્રાર્થના કરી હોવાનું નંદુ મહારાજે જણાવ્યું હતું.

ખેડબ્રહ્મા મહાદેવ મંદિરોમાં કન્યાઓનો ધસારો જોવા મળ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૪

આજરોજથી શરૂ થતા જયા-પાર્વતી વ્રતનો પ્રારંભ થયો છે. શહેરના કાશી વિશ્વનાથ મંદિર સોમનાથ મહાદેવ તેમજ વિવિધ શિવ મંદિરોમાં કુમારિકાઓ દ્વારા ભગવાન શિવ અને માતા પાર્વતીના પૂજન માટે ભારે ભીડ જોવા મળી હતી.

માતા પાર્વતીને પ્રસન્ન કરવા માટે અષાઢ માસમાં કુમારિકા દ્વારા જ્યાં પાર્વતીનું વ્રત કરવામાં આવે છે. કહેવાય છે કે આ વ્રતને કારણે માતા પાર્વતી પ્રસન્ન થાય છે અને અખંડ સૌભાગ્યવતી અને સમૃદ્ધશાળી બનવાનું વરદાન આપે છે.

કહેવાય છે કે, ભગવાન વિષ્ણુએ આ વ્રતનું મહાત્મ્ય માતા લક્ષ્મીને જણાવ્યું હતું. આ વ્રત કુમારિકાઓ દ્વારા પાંચ દિવસ સુધી કરવામાં આવે છે. પાંચ દિવસ કુમારિકાઓ ઉપવાસ કરે છે અને એક ટાઈમ ભોજન ગ્રહણ કરે છે અને મીઠા (નમક)નો ત્યાગ કરે છે. આ વ્રતમાં ઘઉં તથા અન્ય શાકભાજીનો પણ ત્યાગ કરવામાં અવે છે. દૂધ, દહીં, ફળ, સુકામેવો વગેરેનો જ ઉપયોગ કરવામાં આવે છે.

આ વ્રતમાં વહેલી સવારે સ્નાનાદી ક્રિયા પતાવીને માતા પાર્વતીની પૂજા કરવામાં આવે છે. આ પૂજા ઘરે અથવા મંદિરમાં પણ કરી શકાય છે. જયા-પાર્વતીના વ્રત કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે.

ધનસુરા ACE ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોએ ધનસુરા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

ધનસુરા, તા. ૧૪

ધનસુરા ACE ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોએ ધનસુરા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી સાથે બાળકોએ પોલીસને થેંક્યું કાર્ડ આપ્યા હતા. સ્કૂલના બાળકોને પોલીસ વિશે જાણકારી મળે એ માટે સ્કૂલ દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકોને લોકઅપ, કાઈમ ઓફિસ, કોમ્પ્યુટર રૂમ સહિત પોલીસ સ્ટેશન બતાવવામાં આવ્યું હતું અને તેના વિશે જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોએ થેંક્યું કાર્ડ બનાવી પોલીસને આપ્યા હતા. કાર્યક્રમમાં ધનસુરા પી. એસ. આઈ. આર.આર. દેસાઈ અને પોલીસ સ્ટાફને બાળકોએ થેંક્યું કાર્ડ

આપ્યા હતા. કાર્યક્રમમાં પોલીસ દ્વારા બાળકોને બિસ્કીટ અને પેન્સિલ આપવામાં આવી હતી.

ધનસુરા પી.એસ.આઈ. આર. આર. દેસાઈ અને ધવલભાઈ પટેલ, રાજદીપસિંહ સહિત પોલીસ સ્ટેશનના સ્ટાફે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય રાજકુમારી રાઠોડ સહિત સ્કૂલના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

દેશની સરહદની રક્ષા કરનાર એક જાંબાઝ જવાનના હાથે રિબન કપાવી ક્રિષ્ણા સ્ટુડિયોનું ઓપનિંગ કરાયું

ધાનેરા માં દેશભક્તિની એક અનોખી પહેલ જોવા મળી છે લોકો સ્ન્છ, કલેકટર કે ધર્મગુરુઓ પાસે દુકાન,પેઢી કે ઓફિસનુ ઓપનિંગ કરાવતાં જોયા હશે, પણ કદાચ પહેલીવાર તમને આવુ સાંભળવા મળશે કે દેશની સરહદની રક્ષા કરનાર એક જાંબાઝ જવાન ના હાથે રિબન કપાવવામાં આવી છે અને સ્ટુડિયાની ઓપનિંગ કરવામાં આવ્યું છે.

ચૌધરી તુષારભાઈ અને મેવાડા રાહુલભાઈ ધ્વરા ઘાનેરા શહેરમાં ક્રિષ્ના સ્ટુડિયોની ઓફિસના ઉદ્ઘાટનમાં મુખ્ય અતિથિ તરીકે ભારતીય સેનાના બોર્ડર સિક્યોરિટી ફોર્સના એક જવાન હર્ષદ ચૌધરીને સન્માન સાથે આમંત્રિત કરી એમના હાથે રિબીન કપાવવામાં આવી હતી, આ એક અનોખી પહેલ જોઈને હાજર લોકોમાં દેશભક્તિની લહેર છવાઈ હતી.દરેક જગ્યા ની ઓપનિંગ અગ્રણીઓ તેમજ ધર્મગુરુ અને વિવિધ લોકો ધ્વરા રીબીન કાપી ઉદ્ઘાટન થતા હોય છે પણ બંને યુવાનોએ દેશના જવાન પાસે રીબીન કપાવી ઉદ્ઘાટન કર્યુ હતું અને બીજા લોકો ને પણ સંદેશ આપતા જણાવ્યું હતું કે જે આપણા માટે દિવસ રાત ઠંડી ગરમી વરસાદ દરેક મુશ્કેલી વેઠી આપણું રક્ષણ કરે છે તેવા લોકોને સમાજ અને દરેક જગ્યાએ માં મળવું જોઈએ.

શામળાજી પોલીસે ટ્રકમાંથી ૧૨.૯૬ લાખનો દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ વિસ્તારના માર્ગો પરથી રાજ્યમાં નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ હોય છે. મોટા ભાગના બુટલેગરો સફળ રહેતા બુટલેગરોની પણ હિંમત ખુલતા સતત પ્રયત્નો કરી રહ્યા છે શામળાજી પીએસઆઈ શર્મા અને તેમની ટીમે વેણપુર ગામની સીમમાંથી બાતમીના આધારે બટાકાની આડમાં સંતાડીને ઘુસાડાતો વિદેશી દારૂનો ૧૨.૯૬ લાખનો વિદેશી દારૂ ઝડપી એક શખ્સને દબોચી લીધો કાર્યવાહી ચાલુ હતી. ત્યારે અન્ય ટેમ્પો પરચુરણ માલસામાન ભરી પસાર થતા તેને અટકાવી તલાસી લેતા પ્લાસ્ટિક ડ્રમમાંથી ૩૧ હજારનો વિદેશી દારૂ જપ્ત કરી ત્રણ શખ્સોને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

શામળાજી પોલીસ સ્ટેશનમાં પીએસઆઈનો ચાર્જ સંભળાતાની સાથે એસ.એચ. શર્માએ તેમની ટીમ સાથે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરી પસાર થતા વાહનો પર તવાઈ બોલાવવા રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા બે વાહનોમાંથી ૧૩ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

શામળાજી પોલીસે વેણપુર ગામ નજીકથી પસાર થતી આઈશર મીની ટ્રકમાંથી બટાકાના કતતાની આડમાં સંતાડીને વડોદરા લઈ જવાતો વિદેશી દારૂની બોટલ નંગ-૩૨૪૦ કિં. રૂ. ૧૨૯૬૦૦૦નો જથ્થો જપ્ત કરી શેતાનસિંહ છીતરસીંહ ચુંડાવતને ઝડપી પાડી આઈસર ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂ.૨૦૯૬૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અરવલ્લી પ્રાથમિક શિક્ષક સંઘની આખરે ચૂંટણીની પ્રક્રીયા યોજાઈ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી વિવાદો વર્તાઈ રહ્યા હતા અને જેને લઈને મામલો હાઈકોર્ટે સુધી પહોંચ્યો હતો અને આખરે હાઈકોર્ટના આદેશને લઈને ચૂંટણી યોજવામાં આવી હતી. અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોની નિમણુંક કરવા માટે સામાન્ય ચૂંટણીની પ્રક્રીયા જિલ્લાના તમામ છ તાલુકા મથકો પર યોજવામાં આવી હતી. જેમાં શિક્ષકોએ પણ મતદાન કરવા માટે થઈને મતદાન કરવા માટે પહોંચ્યા હતા અને પોતાના સંઘના આગેવાનોને ચૂંટી નિકાળવા માટે થઈને ઉત્સાહ દર્શાવ્યો હતો. જિલ્લાના તમામ છ તાલુકા મથકોએ પણ [illegible] પ્રક્રીયામાં મતદાર શિક્ષકોએ મતદાન કર્યુ હતુ.

આમ તો ગત રવિવારે ચૂંટણી યોજાનારી હતી પરંતુ એકાએક જ આ ચૂંટણી મોકુફ રહેવાની ગત શનિવારે જાહેરાત કરાઈ હતી અને જેને લઈને ચૂંટણી પ્રક્રીયા રોકી દેવામાં આવી હતી. મામલો હાઈકોર્ટમાં પહોંચતા હાઈકોર્ટની કાનુની પ્રક્રિયાને લઈને ચુંટણી સ્થગીત કરી દેવામાં આવી હતી અને જેને લઈને અસંમજસ ફેલાઈ હતી. ત્યાર બાદ ફરીથી ચૂંટણી આજે રવિવારે યોજાનાર હોવાની ચૂંટણી અધીકારીએ તમામ શાળા અને તેના શિક્ષકોને જાહેરાત કરતા આખરે અફવાએ જોર પકડ્યુ હતુ [illegible] તે બાબતે પણ ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરવી પડી હતી. શિક્ષકોમાં પણ હોદ્દાઓ મેળવવાને લઈને જુથવાદ હોવાને લઈને કેટલાક અસંતુષ્ટોએ ચૂંટણી પ્રક્રીયાથી દુર રહેવા અપીલ કરવા છતાં પણ શિક્ષકોએ ઉત્સાહ દર્શાવ્યો હતો અને શાંતપુર્ણ મતદાન હોવાનો ચૂંટણી અધિકારીએ દાવો કર્યો હતો. સાંજે ચૂંટણી પ્રક્રીયા પુર્ણ થયા બાદ ચૂંટણીની મતગણતરી યોજવામાં આવનાર છે, અરવલ્લી જીલ્લાનો પ્રાથમિક શિક્ષક સંઘ નાના મોટા વિવાદોથી ઘેરાયેલા રહ્યા બાદ હવે ચૂંટણી યોજાતા હાલ તો શિક્ષકોમાં હાશકારાનો અનુભવ થઈ રહ્યો છે.

ક્ષત્રિય ઠાકોર સેનાની સોમવારે બપોરે મળનાર કોર કમિટીની બેઠકમાં

અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાવાની તારીખ જાહેર કરશે..!

મોડાસા, તા. ૧૪

કોંગ્રેસનો છેડો ફાડનાર અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા સોમવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે કમલમમાં પહોંચી કેસરિયો ધારણ કરશે અને ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારો અને કાર્યકરોએ કમલમ પહોંચવા થયેલા વાઈરલ મેસેજને ધવલસિંહ ઝાલાએ અફવા ગણાવી હતી. સોમવારે બપોરે ૨ વાગે ક્ષત્રિય ઠાકોર સેનાની કોર કમિટીની બેઠકમાં આગળની રણનીતિ નક્કી કરશે તેવું જણાવ્યું હતું. બીજી બાજુ સોશ્યલ મીડિયામાં અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાવાની તારીખ નક્કી કરી સોમવારે ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોને જણાવશેનો મેસેજ વાઈરલ થતા હાલ પૂરતી સોમવારે બપોરે ૧૨ કલાકે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા કમલમ ખાતે કેસરિયો ધારણ કરશેની વાત પર પૂર્ણવિરામ મુકાઈ ગયો છે.

ક્ષત્રિય ઠાકોર સેનાની રચના કરી દારૂના ખપ્પરમાં ખુંપેલા સમાજ અને દારૂબંધીના દૂષણ સામે લાડવા માટે સમાજને એકત્ર કરી દારૂબંધી માટે જનતા રેડ કરી દારૂબંધીની અમલવારી માટે ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનોએ ગામડા ખૂંદતા સમાજની મહિલાઓ અને યુવાનોનું સમર્થન મળતા અલ્પેશ ઠાકોરનો ઉદય થયો હતો. શરૂઆતમાં રાજકારણમાં જોડાવાની સ્પષ્ટ ઈન્કાર કરતા ક્ષત્રિય ઠાકોર સમાજના યુવાનોના રોલ મોડલ બની ગયા પછી વિધાનસભા-૨૦૧૭ ની ચૂંટણી પૂર્વે પંજાનો હાથ ઝાલી રાધનપુર બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. કોંગ્રેસમાં તેમના સાથી ધવલસિંહ ઝાલાને પણ બાયડ-માલપુરમાં સ્થાનિક કાર્યકરોનો શખ્ત વિરોધ હોવા છતાં ટિકિટ અપાવી હતી અને બાયડમાં ધવલસિંહ ઝાલાનો પણ ભવ્ય વિજય થયો હતો.

ત્યારબાદ અલ્પેશ ઠાકોરે કોંગ્રેસમાં અન્યાય થતો હોવાની બૂમરાણો મચાવતા બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પણ અલ્પેશ ઠાકોરનો ઝભ્ભો પકડી લીધો હતો અને રાજકીય રોટલો શેકવા અને અતિ મહત્વકાક્ષી ધારાસભ્ય બનેલ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટીંગ કરી વિધાનસભા અધ્યક્ષને પોતાનું રાજીનામું આપી ભાજપમાં જોડાવાનું નક્કી પણ થઈ ગયું છે. અલ્પેશ ઠાકોર ટૂંક સમયમાં ભાજપમાં જોડાશે તેવું સૂત્રો દ્વારા માહિતી મળી હતી અને સોમવારનાં રોજ બપોરે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા કમલમ પહોંચશે અને બીજેપીમાં જોડાશે તેવું સૂત્રો જણાવી રહ્યા છે અને ઠાકોર સેનાના કાર્યકરોને કમલમ્ પહોંચવા જાણ કરી છે. સોમવારે બપોરે કમલમ્ પહોંચવા આહ્વાન કરવામાં આવ્યું છે. ૧૨ વાગ્યે કમલમ્ પર એકઠા થવાનો મેસેજ પણ ફરતો થયો હતો ત્યારે ધવલસિંહ ઝાલાએ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા મેસેજ અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા ખંડન કરી અમદાવાદ ખાતે બપોરે ૨ વાગ્યાના સુમારે ક્ષત્રિય ઠાકોર સેનાની કોર કમિટીની બેઠકમાં નક્કી કરી આગળની રણનીતિ જાહેર કરવાનું જણાવ્યું હતું.

રવિવારે સોશ્યલ મીડિયામાં વધુ એક મેસેજ વાઈરલ થયો હતો જેમાં અલ્પેશ ઠાકોર સોમવારે બપોર પછી ભાજપમાં જોડાવવાની તારીખ નક્કી કરી જાહેર કરશે હાલ તો ક્ષત્રિય ઠાકોર સેનાના હોદેદારો અને કાર્યકરો પણ અલ્પેશ ઠાકોરનું રાજકારણ સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય એવો અહેસાસ અનુભવી રહ્યા હોવાનું કેટલાક કાર્યકર્તાઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

પાલનપુરની સરકારી શાળામાં સોસાયટી ફોર કલીન એન્ડ ગ્રિન ઈન્વાયરમન્ટ દ્વારા ગાઠામણ દરવાજા વિસ્તારમાં આવેલ સરકારી શાળામાં વૃક્ષા રોપણનો કાર્યક્રમા યોજવામાં આવ્યો હતો.જેમાં છોડાના વાવેતર બાદ તેને નામ આપવામાં આવ્યા હતા.

પાલનપુરની સોસાયટી ફોર ક્લિન એન્ડ ગ્રીન સંસ્થા દ્વારા શહેરમાં અનેક લોક જાગૃતીના કામ કરવામાં આવી રહ્યા છે.તાજેતરમાં બાલારામ નદીમાં પડેલા કચરાની સફાઈ કરવામાં આવી હતી.ત્યારબાદ આજરોજ પાલનપુર ગાઠામણ દરવાજા વિસ્તારમાં આવેલ બ્રાન્ચ શાળા નંબર એકમાં વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં લીંબડો,દાડમ, બદામ, અડુસી, મીઠો સરગવો જેવા પચાસ ઉપરાતના છોડનું વાવતેર કરવામાં આવ્યુ હતુ.અને તમામ છોડને નામ આપવામાં આવ્યુ હતુ.જેથી જે પ્રકારે બાળકનો ઉછેર કરવામાં અવતો હોય છે તેજ પ્રકારે છોડનો પણ ઉછેર કારવામાં આવશે તેમ શાળાના આચાર્ય વિજયભાઈ સોલંકીએ જણાવ્યુ હતુ.આ કાર્યક્રમમાં નિવૃત ફોરેસ્ટ ઓફિસર ભાયચંદભાઈ પટેલ,લલિત વાસવાની,હિમાંશુ રાય,રાહુલ દુબે સહીત શાળાના શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.